# ‘મારે મરતા સુધી વધુ ને વધુ બાળકોને શિક્ષિત કરવા છે’

વિશાલ શાહ / અમદાવાદ

‘મારી પાસે અત્યારે ફૂટી કોડી પણ નથી પણ બે લાખ સ્ક્વેર ફૂટમાં પથરાયેલા ગુરૂકુળની સ્થાપના કરવાનું મારૂં સપનું છે જ્યાં ગરીબ બાળકો ભણીને પોતાનો સર્વાંગી વિકાસ કરી શકે.’ છત માટે છાપરા અને દીવાલો માટે લોખંડની જાળીઓથી બનાવેલી સુંદર સ્કૂલમાં રેડીમેડના વેપારી મહેશ દેસાઈએ મને



આ વાત કરી રહ્યા હતા. તેઓ માત્ર સપનાંના સોદાગર નથી પણ છેલ્લાં પાંચેક વર્ષથી નારણપુરા પોલીસ સ્ટેશન સામે આવેલા રેલવેટ્રેકની આસપાસની ઝૂંપડપટ્ટીના બાળકોને અનેક મુશ્કેલીઓનો સામનો કરીને કોઈ પણ ફી લીધા વિના ભણાવી રહ્યા છે. હવે તેઓ બાળકો માટે નાનકડી હોસ્ટેલ ઊભી કરવા આર્થિક સંઘર્ષ કરી રહ્યા છે જ્યાં પાંચમા ધોરણ પછીના વિદ્યાર્થીઓ ફૂલ ટાઇમ ભણી શકે અને સારું વાતાવરણ મેળવે. તેમણે આ ઉમદા કાર્ય શરૂ કરતાં પહેલાં તેમણે ઝૂંપડપટ્ટીઓમાં રખડીને આ કુટુંબોની મુશ્કેલી અને મજબૂરીઓનો બરાબર અભ્યાસ કર્યો છે. ત્યાર પછી વર્ષ ૨૦૦૦માં હેલ્પલાઈન એજ્યુકેશન ‘હોમ’ની સ્થાપના કરી જેમાં બાળકની કેળવણીથી માંડીને લગ્ન કરાવી આપવાની યોજનાનો સમાવેશ કર્યો અને ફક્ત એક જ બાળકને ભણાવવાથી શરૂઆત કરી. એક સમયે બાળકોની સંખ્યા નેવું સુધી પહોંચી પરંતુ આજે ફક્ત ચાળીસ બાળકો છે. કારણ કે, તેમના મતે આ બાળકોને સ્કૂલ સુધી લાવવા અને પછી નિયમિત કરવા જ ખૂબ અઘરી વાત છે. પરંતુ તેમને તો મરતા સુધી વધુને વધુ બાળકોને શિક્ષિત કરી તેમનો સંસાર ઘડવો છે. તેઓ પોતાના વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીની પણ સંપૂર્ણ જવાબદારી લેવા પણ માનસિક રીતે સજ્જ છે. કારણ કે, તેમને પોતાના વિદ્યાર્થી પર પૂરેપૂરો વિશ્વાસ છે. વળી, આ સ્કૂલના શિક્ષક તરીકે પણ એવી જ વ્યક્તિને નોકરી આપે છે જે ખરેખર જરૂરિયાતમંદ હોય અને થોડીઘણી સામાજિક નિસબત ધરાવતી હોય. આ અંગે મહેશભાઈ કહે છે કે, ‘સંસ્થાને દાનરૂપે મળતા એક એક રૂપિયાનો સદ્‌ઉપયોગ થવો જોઈએ.’

ઝૂંપડપટ્ટીના બાળકોને ભણાવવા વિશેના અનુભવ વિશે તેઓ કહે છે કે, આ વાતાવરણમાં બાળક ગણિત શીખીને જુગાર રમવા માંડે એવું પણ બને છે અને પછી તેના માબાપના રોષનો ભોગ બનવાની પણ તૈયારી રાખવી પડે છે. કેટલાંક બાળકો દારૂના પણ વ્યસની હોય છે, પરંતુ હું મારી સ્કૂલમાં આવતા દરેક બાળક વિશે વિશ્વાસપૂર્વક કહું છું કે અહીં એક પણ બાળક દારૂ તો દૂરની વાત પણ જૂઠ્ઠું પણ નહીં બોલે. અહીં જે બાળકે હોમવર્ક ન કર્યું હોય તે જાતે જ શિક્ષકને કહી દે છે. કારણ કે, એકવાર એક બાળક જૂઠ્ઠું બોલ્યો તો વર્ગમાં હું મૂંગો બન્યો હતો. બસ એ પછી એક પણ બાળક જૂઠ્ઠું નથી બોલતો કારણ કે હું મારા પ્રત્યે તેમનામાં આટલી લાગણી જન્માવી શક્યો છું.